


ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા



માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ । e-mail:mitra@gujaratmitra.in । ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૪ * * * સંવત ૨૦૮૨ આસો વદ અગિયારસ ગુરુવાર ૫ નવેમ્બર, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૩૨૦

પાનાં ૧૨+૪ કિંમત ₹ ૫.૦૦



અમેરિકી મિડટર્મ ચૂંટણીમાં ટ્રમ્પની પાર્ટીનો સફાયો

રિપબ્લિકન પાર્ટીને શરમજનક પરાજય મળતા પ્રમુખ ટ્રમ્પની એકહથ્થુ સત્તા પર હવે આવશે મોટો અંકુશ

`જ્યોર્જિયા, આયોવા અને ઓહાયો જેવા રિપબ્લિકન ગઢમાં ગવર્નર અને સેનેટ સીટો પર પરાજય; 'ટ્રમ્પ યુગનો અંત' ગણાવતા પૂર્વ સાથીઓ

હું પોતે બેલેટ પેપર પર હોત તો મોટો વિજય થયો હોત: ટ્રમ્પ

કેન્સાસમાં 100 વર્ષ બાદ પ્રથમ વખત ડેમોક્રેટિક ઉમેદવાર જીત્યો

વોશિંગ્ટન, તા. 4 (PTI): અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને સખત આંચકો આપતાં, અમેરિકી મતદારોએ મિડટર્મ ચૂંટણીમાં વિરોધ પક્ષ ડેમોક્રેટિક પાર્ટીને યુએસ કોંગ્રેસ (હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ અને સેનેટ) બંનેમાં બહુમતી આપી છે. આ સાથે જ મુખ્ય ગવર્નર પદો પર પણ ડેમોક્રેટ્સે કબજો જમાવી દીધો છે, જેના પરિણામો અમેરિકાની સીમાઓને પાર વૈશ્વિક સ્તરે જોવા મળશે.

ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીને પોતાના પરંપરાગત ગઢ ગણાતા ટેક્સાસ, જ્યોર્જિયા, આયોવા અને ઓહાયો જેવા રાજ્યમાં શરમજનક પરાજયનો સામનો કરવો પડ્યો છે. સેનેટ રેસમાં પણ ટેક્સાસ, મૈન, સાઉથ કેરોલિના, નોર્થ કેરોલિના, કેન્સાસ, આયોવા અને ઓહાયોમાં રિપબ્લિકન્સનો પરાજય થયો છે, જ્યાં ટ્રમ્પે પોતે જઈને ચૂંટણી પ્રચાર કર્યો હતો. આ હારનું મુખ્ય કારણ ...અનુસંધાન પાના 11 પર

રિપબ્લિકન ગઢમાં મોટો ઉલટફેર

ટેક્સાસ: ટેક્સાસમાં લગભગ 40 વર્ષ પછી પ્રથમ વખત ડેમોક્રેટિક સેનેટર (જેમ્સ તાલારિકો) ચૂંટાયા છે. ગવર્નર રેસમાં ગીના હિનોજોસાએ વર્તમાન ગવર્નર ગ્રેગ એબોટને હરાવીને ટેક્સાસના પ્રથમ લેટિના ગવર્નર બની ઈતિહાસ રચ્યો છે.
ઓહાયો: ટ્રમ્પ સમર્થિત ભારતીય-અમેરિકન નેતા વિવેક રામાસ્વામીનો ગવર્નર રેસમાં ડેમોક્રેટ અમી એક્ટન સામે પરાજય થયો છે.
કેન્સાસ: 100 વર્ષના ઈતિહાસમાં પ્રથમ વખત કેન્સાસમાંથી ડેમોક્રેટ ઉમેદવાર આદમ હેમિલ્ટને સેનેટ બેઠક જીતી છે.
જ્યોર્જિયા: જ્યોર્જિયાના ઇતિહાસમાં પ્રથમ અશ્વેત મહિલા ગવર્નર તરીકે કેશા લાન્સ બોટમ્સ ચૂંટાયા છે.

બેઠકોનું ગણિત બદલાયું

વિદાય લેતી સેનેટમાં રિપબ્લિકન્સ પાસે 53-47ની બહુમતી હતી. પરંતુ નોર્થ કેરોલિના, ઓહાયો, મૈન, સાઉથ કેરોલિના, કેન્સાસ, આયોવા અને ટેક્સાસ સહિત રિપબ્લિકન્સના કબ્જા હેઠળની ઓછામાં ઓછી સાત બેઠકો જીતીને ડેમોક્રેટ્સે સેનેટ પર કબ્જો જમાવ્યો છે. જ્યારે વિદાય લેતી હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં રિપબ્લિકન્સ પાસે 220-215ની પાતળી સરસાઈ હતી. પરંતુ હવે ડેમોક્રેટ્સે નીચલા ગૃહ પર અંકુશ મેળવવા માટે જરૂરી 218-બેઠકોનો આંકડો પાર કરી લીધો છે, જેનાથી સત્તાનું સંતુલન સંપૂર્ણપણે પલટાઈ ગયું છે.

હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ (કુલ 435 સીટો)

ડેમોક્રેટ્સ: 228 સીટો ● રિપબ્લિકન: 139 સીટો
(ડેમોક્રેટ્સે 218ના બહુમતીના આંકડાને પાર કરીને અમેરિકી સંસદ-(કેપિટલ હિલ)ના નીચલા ગૃહ પર સંપૂર્ણ કબ્જો જમાવી લીધો છે.)

યુ.એસ. સેનેટ (કુલ 100 સીટો):

ડેમોક્રેટ્સ: 54 સીટો ● રિપબ્લિકન: 44 સીટો
(સેનેટના ઉપલા ગૃહમાં પણ ડેમોક્રેટિક્સે 54 બેઠકો સાથે પોતાની મજબૂત બહુમતી સુનિશ્ચિત કરી લીધી છે.)



અમેરિકી મિડટર્મ ચૂંટણી 2026ના હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ, સેનેટ અને ગવર્નર રેસના વિગતવાર પરિણામો નીચે મુજબ છે

હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ

કુલ સીટો: 435 (તમામ 435 સીટો પર ચૂંટણી યોજાઈ)
ડેમોક્રેટિક પાર્ટી (વિપક્ષ): 228 સીટો પર વિજય
રિપબ્લિકન પાર્ટી (ટ્રમ્પ): 139 સીટો પર વિજય

ગવર્નર ચૂંટણી

કુલ સીટો: 36 રાજ્યો (34 રાજ્યોના પરિણામો જાહેર)
ડેમોક્રેટિક પાર્ટી: 22 રાજ્યોમાં વિજય
રિપબ્લિકન પાર્ટી: 12 રાજ્યોમાં વિજય
વર્તમાન સ્થિતિ: 2 રાજ્યોમાં મતગણતરી હજુ પણ ચાલુ છે.

યુ.એસ. સેનેટ

કુલ સીટો: 100 સીટો (જેમાંથી 35 સીટો પર ચૂંટણી યોજાઈ)
જાહેર થયેલા પરિણામો: 33 સીટોના પરિણામો સામે આવ્યા છે.
ડેમોક્રેટિક પાર્ટી: 20 સીટો જીતી
રિપબ્લિકન પાર્ટી: 13 સીટો જીતી
વર્તમાન સ્થિતિ: 2 સીટો પર મતગણતરી ચાલુ છે.
સેનેટમાં કુલ પક્ષવાર સ્થિતિ (જૂના + નવા પરિણામો મળીને)
ડેમોક્રેટિક પાર્ટી: 54 સીટો (સ્પષ્ટ બહુમતી)
રિપબ્લિકન પાર્ટી: 44 સીટો

પરાજય બાદ ટ્રમ્પ ભારત સાથે ટ્રેડ ડીલ ઝડપથી કરવા મજબૂર બનશે: નિષ્ણાતો

અમેરિકી મિડટર્મ ચૂંટણીમાં રિપબ્લિકન પાર્ટીને મળેલા આંચકા બાદ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ભારત સાથે ઝડપી દ્વિપક્ષીય વેપાર કરાર (બીટીએ) કરવા માટે આતુર બનશે, તેમ વેપાર નિષ્ણાતો અને આર્થિક થિંક ટેન્કે જણાવ્યું છે. નિષ્ણાતોના મતે, રશિયા, ચીન અને ઈરાન સામેની વિદેશ નીતિમાં ધાર્યા પરિણામો ન મળ્યા બાદ હવે ટ્રમ્પને પોતાની સત્તા અને પ્રભાવ સાબિત કરવા માટે વેપાર મોરચે તાત્કાલિક સફળતાની જરૂર છે. ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઇનિશિયેટિવ ...અનુસંધાન પાના 11 પર

ટ્રમ્પે હાર સ્વીકારી પણ સાથે વીટોનું અસ્ત્ર પણ ઉગામ્યું

વોશિંગ્ટન. અમેરિકી મિડટર્મ ચૂંટણીમાં ડેમોક્રેટિક પાર્ટીના વિજય બાદ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વિરોધ પક્ષને અભિનંદન પાઠવ્યા છે. સીબીએસ ન્યૂઝ સાથેની વાતચીતમાં ટ્રમ્પે જણાવ્યું હતું કે ડેમોક્રેટ્સે સખત સંઘર્ષ કર્યો અને સારું કામ કર્યું છે. તેમણે કહ્યું કેa તેઓ દેશના હિત માટે વિપક્ષ સાથે કામ કરવા આતુર છે. ટેક્સાસ, નોર્થ કેરોલિના અને ઓહાયો જેવા પોતાના પ્રભાવશાળી ગઢમાં રિપબ્લિકન ઉમેદવારોની હાર છતાં ટ્રમ્પે સ્વીકાર્યું કે તેઓ પરિણામો સ્વીકારવા તૈયાર છે. ...અનુસંધાન પાના 11 પર

જેડી વેન્સે હાર માટે ઈરાન યુદ્ધને જવાબદાર ગણાવ્યું

વૈશ્વિક નેતાઓએ લીધો રાહતનો શ્વાસ

અમેરિકી જનતાએ યુદ્ધ અને મોંઘવારી સામે લાલ આંખ કરી: જેડી વેન્સનું મોટું નિવેદન,

ઈરાને કહ્યું - "અમેરિકી જનતાએ ટ્રમ્પના યુદ્ધને 'ના' કહી દીધી"

અમેરિકી મિડટર્મ ચૂંટણીમાં રિપબ્લિકન પાર્ટીના પરાજય અને ડેમોક્રેટ્સના દબદબા બાદ દેશ-વિદેશમાંથી તીવ્ર પ્રતિક્રિયાઓ સામે આવી રહી છે:

» **ઉપપ્રમુખ જેડી વેન્સની કબૂલાત:** યુ.એસ. વાઇસ પ્રેસિડેન્ટ જેડી વેન્સે સ્વીકાર્યું કે રિપબ્લિકન પાર્ટીની હારનું મુખ્ય કારણ ઈરાન સાથેનું યુદ્ધ છે. તેમણે સોશિયલ મીડિયા પર લખ્યું કે જનતાએ મોંઘવારી અને યુદ્ધની નીતિઓને કારણે ગંભીર જનાદેશ આપ્યો છે.

» **વૈશ્વિક નેતાઓને રાહત:**

» **સ્પેન:** પ્રાઇમ મિનિસ્ટર પેડ્રો સાંચેઝે આ પરિણામોને "દ્વેષ અને પર્યાવરણ વિરોધી રાજકારણ સામે જનતાનો વિજય" ગણાવ્યો હતો.

» **બ્રિટન:** બ્રિટિશ પીએમ એન્ડી બર્નહામે આશા વ્યક્ત કરી કે આ પરિણામોથી ઈરાન યુદ્ધ અટકશે અને વૈશ્વિક મોંઘવારી પર લગામ આવશે.

» **નોર્વે:** નોર્વેના વિદેશ પ્રધાન એસ્પેન બાર્થ ઈડેએ કહ્યું કે અમેરિકી જનતાએ ધ્રુવીકરણ અને 'MAGA' રાજકારણમાંથી મુક્તિનો સ્પષ્ટ સંદેશ આપ્યો છે.

» **ઈરાનની આકરી પ્રતિક્રિયા:** ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતોલ્લાહ મોજતબા ખામેનેઈ અને વાટાઘાટકાર મોહમ્મદ બાઘેર ગાલીબાફે કહ્યું કે અમેરિકી લોકોએ યુદ્ધને 'ના' કહી છે. નવા નેતા મોજતબા ખામેનેઈએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે, "અમેરિકામાં સત્તા પરિવર્તન કે પક્ષ બદલાવાથી તેના સામ્રાજ્યવાદી વલણમાં કોઈ ફેર પડવાનો નથી. જે લોકો અમેરિકા સામે ઝૂકીને કે છૂટછાટો આપીને દુશ્મનાવટ ખતમ થવાની આશા રાખે છે, તેઓ બહુ મોટી ભૂલમાં છે."

» **ચીનનું સંતુલિત વલણ:** ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા માઓ નિંગે જણાવ્યું કે આ અમેરિકાની આંતરિક બાબત છે. ચીન પ્રમુખ શિ જિનપિંગ અને ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે થયેલી બેઠકોના આધારે રચનાત્મક અને સ્થિર સંબંધો જાળવી રાખશે.

મિશિગનથી પ્રથમ મુસ્લિમ સેનેટર બન્યા અબ્દુલ અલ-સૈયદ

અબ્દુલ અલ-સૈયદ કર્ણાટકના જમાઈ છે, તેમનાં પત્ની ડો. સારા જુકાકુ ભૂતપૂર્વ મૈસૂર રાજ્ય સરકારના મંત્રી અને ભટકલના ભૂતપૂર્વ ધારાસભ્યના પૌત્રી છે



વોશિંગ્ટન. અમેરિકાની મિશિગન સેનેટ બેઠક પર પ્રગતિશીલ ડેમોક્રેટિક ઉમેદવાર અબ્દુલ અલ-સૈયદે રિપબ્લિકન પાર્ટીના માઇક રોજર્સને હરાવીને શાનદાર વિજય મેળવ્યો છે. ઇજિપ્શીયન ઇમિગ્રન્ટ્સના પુત્ર એવા અલ-સૈયદ આ સાથે જ યુનાઇટેડ સ્ટેટ્સના ઇતિહાસમાં પ્રથમ મુસ્લિમ સેનેટર બનશે. સાર્વત્રિક સ્વાસ્થ્ય સેવા, ચૂંટણીઓમાં બહારના ભંડોળનો અંત અને ઇઝરાયેલની સખત આલોચના જેવા મુદ્દાઓ પર જમીની સ્તરે ઝુંબેશ ચલાવીને તેમણે આ સફળતા મેળવી છે. અબ્દુલ અલ-સૈયદ કર્ણાટકના જમાઈ છે. તેમનાં પત્ની ડો. સારા જુકાકુ ભૂતપૂર્વ મૈસૂર રાજ્ય ...અનુસંધાન પાના 11 પર

આ બધું જ અમેરિકામાં પહેલી વાર બન્યું

અશ્વેત અને મૂળ અમેરિકી મહિલા ગવર્નરથી લઈને દેશના પ્રથમ મુસ્લિમ સેનેટર સુધી: અમેરિકાના રાજકારણમાં વિવિધતા અને પરિવર્તનનો નવો પવન



વોશિંગ્ટન: અમેરિકી મિડટર્મ ચૂંટણીના પરિણામો દેશના રાજકીય ઇતિહાસમાં એક નવો અધ્યાય લખી રહ્યા છે. આ પરિણામોમાં જાતિગત, લિંગ અને સામાજિક પૃષ્ઠભૂમિની દ્રષ્ટિએ અનેક ઐતિહાસિક સિદ્ધિઓ નોંધાઈ છે. ચૂંટણીમાં વિજેતા બનનારા મુખ્ય અગ્રણીઓ અને તેમની આ આંકડાકીય સિદ્ધિઓ નીચે મુજબ છે:
પ્રથમ અશ્વેત મહિલા ગવર્નર: એટલાન્ટાના પૂર્વ મેયર અને ડેમોક્રેટ કેશા લાન્સ બોટમ્સે જ્યોર્જિયાના ગવર્નર બનીને દેશના પ્રથમ અશ્વેત મહિલા ગવર્નર તરીકે ઈતિહાસ રચ્યો છે.
પ્રથમ મુસ્લિમ સેનેટર: મિશિગનની ભારે વિવાદસ્પદ સેનેટ રેસમાં ડેમોક્રેટ અબ્દુલ અલ-સૈયદે રિપબ્લિકન માઇક રોજર્સને પરાસ્ત કરીને સેનેટના પ્રથમ મુસ્લિમ સભ્ય બનવાનું બહુમાન મેળવ્યું છે. ...અનુસંધાન પાના 11 પર

વિઝાની મુખ્ય શ્રેણીઓ 13થી ઘટાડીને 9 કરાશે

નવી દિલ્હી, તા. 4 (PTI): ભારતમાં વિઝા પ્રક્રિયાને વધુ સરળ અને સુલભ બનાવવાના ભાગરૂપે કેન્દ્રીય ગૃહ મંત્રાલયે વિઝા વ્યવસ્થામાં મોટા સુધારા કરવાનો નિર્ણય લીધો છે. અધિકારીઓએ બુધવારે આપેલી માહિતી મુજબ, સરકારે મુખ્ય વિઝા શ્રેણીઓની સંખ્યા 13થી ઘટાડીને 9 કરવાનો અને વિઝા અરજી ફોર્મને 70 ટકા જેટલું નાનું કરવાનો આદેશ આપ્યો છે.

'વિઝા મેન્યુઅલ, 2019'ની વ્યાપક સમીક્ષાના ભાગરૂપે વિવિધ પ્રકરણો અને પરિશિષ્ટોમાં સુધારા કરવામાં આવી રહ્યા છે. આ વર્ષના ઓગસ્ટ મહિનામાં યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં ભારતીય વિઝા પ્રક્રિયાને વધુ તર્કસંગત અને ગ્રાહક-અનુકૂળ ...અનુસંધાન પાના 11 પર

તા. ૦૪-૧૧-૨૦૨૬નું સુરત શહેરનું
હવામાન

મહત્તમ	લઘુત્તમ	ભેજ
૩૬.૭° સે.	૨૪.૫° સે.	૫૦%

દિવાળી પહેલાં રાજ્યના ૮.૮૨ લાખ કર્મચારીઓ-પેન્શનરોનું ડીએ વધ્યું

મોંઘવારી ભથ્થામાં 3 ટકાનો વધારો થતાં મોંઘવારી ભથ્થામાં ૬૦ ટકાથી વધીને ૬૩ ટકા થશે

ચાર માસનું એરિયર્સ નવેમ્બરના પગાર સાથે ચૂકવાશે



ગાંધીનગર: દિવાળીના તહેવારો પૂર્વે ગુજરાત સરકારે રાજ્યના લાખો સરકારી કર્મચારીઓ અને પેન્શનરોને આર્થિક રાહત આપતો મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે. રાજ્ય સરકારના કર્મચારીઓના મોંઘવારી ભથ્થા (DA)માં ત્રણ ટકાનો વધારો કરવામાં આવતાં હવે મોંઘવારી ભથ્થાનો દર ૬૦ ટકાથી વધીને ૬૩ ટકા થશે.

આ નિર્ણયથી રાજ્યના ૪ લાખથી વધુ કાર્યરત કર્મચારીઓ અને અંદાજે ૪.૮૨ લાખ પેન્શનરો મળીને કુલ ૮.૮૨ લાખથી વધુ લોકોને સીધો લાભ મળશે.

રાજ્ય સરકારના કર્મચારીઓ ઉપરાંત પંચાયત સેવાના કર્મચારીઓ પણ આ વધારાના લાભાર્થી બનશે. આ વધારો ૧ જુલાઈ, ૨૦૨૬થી અમલી બનશે. જુલાઈથી ઓક્ટોબર સુધીના ચાર માસના એરિયર્સની રકમ નવેમ્બર મહિનાના પગાર સાથે એક જ હપ્તામાં ચૂકવવાનો નિર્ણય લેવાયો છે. દિવાળી પહેલાં લેવાયેલા આ નિર્ણયથી કર્મચારીઓ અને પેન્શનરોના પરિવારોને તહેવારોના સમયે વધારાની આર્થિક રાહત મળશે. રાજ્ય સરકાર દ્વારા એરિયર્સ પેટે રૂ.૫૨૩ કરોડની ચૂકવણી કરવામાં આવશે, જ્યારે મોંઘવારી ભથ્થામાં વધારાને પગલે સરકારી તિજોરી પર વાર્ષિક રૂ.૧,૫૬૯ કરોડનું વધારાનું નાણાકીય ભારણ પડશે.

પ્રથમ બેચની નિવૃત્તિના 3 અઠવાડિયા પહેલા કેન્દ્ર સરકારનો અગ્નિપથ યોજનામાં મોટો ફેરફાર

અગ્નિવીરોને 2 વર્ષનું એક્સ્ટેન્શન અને કાયમી સૈનિક બનવાની તક

3.18 લાખ જવાનોનો કાર્યકાળ બે વર્ષ વધારાયો, ડિસેમ્બર સુધીમાં પ્રથમ બેચના 18,300 અગ્નિવીરોનો કાર્યકાળ પૂરો થવાનો હતો, જેમને મળશે વધારાનો લાભ

75 ટકા અગ્નિવીરોને વધારાની નોકરી, ઊંચા પગાર અને સેવા નિધિ પેકેજ સાથે નિયમિત સૈનિક બનવાની તક મળશે

દેશના યુવાનોના વિરોધ પ્રદર્શનો, બેરોજગારી મુદ્દે વિપક્ષના પ્રહારો અને અમુક રાજ્યોમાં યોજાનારી વિધાનસભા ચૂંટણીઓ વચ્ચે આ જાહેરાત કરાઈ

નવી દિલ્હી, તા. 4 (PTI): વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં યોજાયેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં મંજૂરી બાદ કેન્દ્ર સરકારે અગ્નિપથ યોજનામાં મોટો ફેરફાર કરીને અગ્નિવીરો માટે ભવિષ્યના નવા દ્વાર ખોલી દીધા છે. હવે 4 વર્ષનો કાર્યકાળ પૂરો કરનારા અગ્નિવીરોને 2 વર્ષનો વધારાનો સેવા વિસ્તાર (એક્સ્ટેન્શન) આપવામાં આવશે. આ બાદ ચોક્કસ પાત્રતા ધોરણો ...અનુસંધાન પાના 11 પર

શું છે નવી નીતિમાં

નવી નીતિ મુજબ, અગાઉની જેમ 25 ટકા અગ્નિવીરોને મેરિટના આધારે 4 વર્ષ બાદ જ નિયમિત સેવાઓમાં સામેલ કરાશે. જ્યારે બાકીના 75 ટકા અગ્નિવીરોને તેમની ઇચ્છા મુજબ 2 વર્ષનો વધારાનો નોકરીનો ગાળો આપવામાં આવશે. આ બીજા કાર્યકાળ દરમિયાન તેમને વધેલું વેતન, ઊંચુ સેવા નિધિ પેકેજ અને સીનિયરિટીનો લાભ મળશે. આ 6 વર્ષની સેવા પૂર્ણ કર્યા બાદ યોગ્યતા ધરાવતા તમામ અગ્નિવીરો કાયમી સૈનિક બની શકશે. આ માટે સૈન્યમાં કાયમી રહેવા ઇચ્છુક અગ્નિવીરોએ નિર્ધારિત પસંદગી પ્રક્રિયામાંથી પસાર થવું પડશે. આ નવા નિયમ બાદ લગભગ બધાં જ અગ્નીવીરોને સૈન્યમાં કાયમ માટે જોડાવાનો માર્ગ મોકળો થશે.

જૂની નીતિના નિયમો અને શરતો

જૂન 2022માં શરૂ કરાયેલી અગ્નિપથ યોજના હેઠળ 17.5થી 21 વર્ષના યુવાનોને 4 વર્ષ માટે ભરતી કરવામાં આવે છે, જેમાં માત્ર 25 ટકાને કાયમી રાખવાની જોગવાઈ હતી અને બાકીના 75 ટકાને નિવૃત્તિ ભથ્થાં વિગેરે આપીને નિવૃત કરવામાં આવે છે, જોકે તેમને પોલીસ અને સુરક્ષા દળોમાં નોકરી કરવાની છૂટ મળે છે. જોકે સીડીએસ જનરલે જણાવ્યા મુજબ અગ્નિપથ યોજના બંધ નહીં થાય તે ચાલુ જ રહેશે.